RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 241, Dt.28-12-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ડો. મનમોહન સિંહનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલિન

## રાષ્ટ્રીય શોકના માહોલ વચ્ચે દિલ્હીના નિગમ બોધઘાટ પર પૂર્વ વડાપ્રધાનના પાર્થિવદેહને દીકરીએ મુખાગ્નિ આપ્યો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભૂતપૂર્વ વડા પ્રધાન ડો.મનમોહન સિંહ ભારતીય રાજકારણના એવા વ્યક્તિત્વ હતા જેઓ બહુ ઓછું બોલતા હતા. પરંતુ જયારે તે બોલ્યા ત્યારે તે ખૂબ જ મક્કમતાથી બોલ્યા. હવે એ વ્યક્તિત્વ કાયમ માટે મૌન બની ગયું. આજે સવારે ડો. મનમોહન સિંહનો પાર્થિવ દેહ કોંગ્રેસ કાર્યાલય લવાયો. આજે તેમના અંતિમ સંસ્કાર દિલ્હીના નિગમ બોધ ઘાટ પર રાજય સન્માન સાથે કરવામાં આવ્યા, મનમોહનસિંહનો પાર્થિવ દેહ પંચ મહાભૂતમાં વિલિન અનેક દિગ્ગજ્જોએ શ્રદ્ધાસુમન અર્પણ કરીને અશ્રુભીની આંખે તેમને અંતિમ વિદાય આપી. સવારથી જ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોનું આગમન શરૂ થઈ ગયું હતું. દેશ તેમને ભીની આંખો સાથે વિદાય આપી રહ્યો છે. કોંગ્રેસના મુખ્યાલયે લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. અંતિમ યાત્રા શરૂ થતાં જ નમનમોહન અમર રહોથ ના નારા લાગ્યા. તેમના અંતિમ સંસ્કાર દિલ્હીના નિગમબોધ ઘાટ ખાતે રાજકીય સમ્માન સાથે કરવામા આવ્યા.

મનમોહન સિંહના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા આવનાર ટટઈંડ મહેમાનોને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે ટ્રાફિક એડવાઈઝરી જારી કરી છે. ટ્રાફિક પોલીસે સામાન્ય લોકોને પ્રતિબંધિત માર્ગો પર ન જવાની સલાહ આપી હતી. રીંગ રોડ (મહાત્મા ગાંધી માર્ગ), નિષાદ રાજ માર્ગ, બુલેવાર્ડ રોડ, એસપીએમ માર્ગ, લોથિયન રોડ અને નેતાજી સુભાષ માર્ગ પર સવારના ૭ થી બપોરે ૩ વાગ્યા સુધી પ્રતિબંધો અને વાહનોને ડાયવર્ઝન કરી શકાય છે.

તેમણે દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. તેમની ઉંમર ૯૨ વર્ષની હતી. મોડી રાત્રે તેમની તબિયત બગડતાં તેમને અઈઈખજમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના અવસાન પર, કેન્દ્ર સરકારે દેશભરમાં અને વિવિધ રાજયોમાં ૭ દિવસનો રાજય શોક મનાવવાનો નિર્ણય કર્યો છે.

તે જ સમયે, સંરક્ષણ મંત્રાલયે ડો. સિંહના અંતિમ સંસ્કાર માટે સંપૂર્ણ સૈન્ય સન્માનની વ્યવસ્થા કરવાનો નિર્ણય લીધો છે. આ અવસરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપાધ્યક્ષ જગદીપ ધનખર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસ સંસદીય દળના વડા સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત દેશ-વિદેશની અનેક અગ્રણી હસ્તીઓ હાજર રહેશે. ગૃહ મંત્રાલયે મોડી સાંજે અંતિમ સંસ્કારનો સંપૂર્ણ કાર્યક્રમ અને દેશ-વિદેશના મહેમાનોની યાદી જાહેર કરી હતી. ડો.મનમોહન સિંહે જાહેર અને રાજકીય જીવનમાં એક એવું સ્થાન હાંસલ કર્યુ, જેને દેશ હંમેશા યાદ રાખશે. લગભગ ૫૩ વર્ષની





### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદિપ ધનખડ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બીરલા, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘ ઉપરાંત ભૂતાનના રાજા તેમજ મોરેસીયસના વિદેશ મંત્રી સહિતના મહાનુભાવો પણ હાજરઃ સૈન્યના ત્રણેય પાંખના વડા ઉપસ્થિત

લાંબી કારકિર્દી હતી. પરંતુ તેમણે ક્યારેય વિવાદોમાં પ્રવેશ કર્યો ન હતો, ન તો તેમના સિદ્ધાંતો સાથે સમાધાન કર્યુ હતું. ઊલટાનું, તેણે પોતાની ઓળખ એક શાંત, સરળ, સૌમ્ય અને નિર્વિવાદ વ્યક્તિત્વ તરીકે આપી. તેઓ પોતાના મૂળને ક્યારેય ભૂલી શક્યા નથી અને તેમની અંતિમ ક્ષણો સુધી સામાન્ય માણસ રહ્યા હતા. અશક્યને શક્ય બનાવ્યું અને અમેરિકા સાથેનો પરમાણુ કરાર પૂરો કર્યો.

# કેન્દ્ર સરકાર દિલ્હીમાં બનાવશે મનમોહન સિંહનું સ્મારક

## કેબિનેટની બેઠક પછી તરત જ ગૃહ પ્રધાન અમિત શાહે કોંગ્રેસ અધ્યક્ષ ખડગે અને સ્વર્ગસ્થ ડો. મનમોહન સિંહના પરિવારને કહ્યું કે સરકાર સ્મારક માટે જગ્યા ફાળવશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહન સિંહની યાદમાં રાષ્ટ્રીય રાજધાનીમાં એક સ્મારક બનાવવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આ માહિતી આપવામાં આવી છે. એક અખબારી યાદી બહાર પાડીને ગૃહ મંત્રાલયે કહ્યું કે શુક્રવારે સવારે સરકારને કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ તરફથી ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ ડો. મનમોહન સિંહના સ્મારક માટે જગ્યા ફાળવવાની વિનંતી મળી.

કેબિનેટની બેઠક પછી તરત જ ગૃહ પ્રધાન અમિત શાહે કોંગ્રેસ અધ્યક્ષ ખડગે અને સ્વર્ગસ્થ ડો. મનમોહન સિંહના પરિવારને કહ્યું કે સરકાર સ્મારક માટે જગ્યા ફાળવશે. આ દરમિયાન અંતિમ સંસ્કાર અને અન્ય ઔપચારિકતાઓ પૂર્ણ થઈ શકે છે, કારણ કે ટ્રસ્ટની રચના કરવી પડશે અને તેના માટે જગ્યા ફાળવવી પડશે.

કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારનું નેતળત્વ કરનાર અને આર્થિક સુધારા માટે જાણીતા ડો.મનમોહન સિંહનું ગુરુવારે ૯૨ વર્ષની વયે અવસાન થયું. તેમણે ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી ભારતના વડા-ધાન તરીકે ૧૦ વર્ષ સુધી દેશનું નેતળત્વ કર્યુ.કોંગ્રેસે શુક્રવારે આરોપ લગાવ્યો હતો કે મનમોહન સિંહના અંતિમ સંસ્કાર અને સ્મારક માટે સ્થળ નક્કી ન કરવું એ દેશના પ્રથમ શીખ વડાપ્રધાનનું ઈરાદાપૂર્વકનું અપમાન છે. કોંગ્રેસે આ મુદ્દો ત્યારે ઉઠાવ્યો જ્યારે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું કે મનમોહન સિંહના અંતિમ સંસ્કાર દિલ્હીના નિગમબોધ ઘાટ પર શનિવારે સવારે ૧૧:૪૫ વાગ્યે પૂર્ણ રાજ્ય સન્માન સાથે કરવામાં આવશે.



તમને જણાવી દઈએ કે કોંગ્રેસ નેતા જયરામ રમેશે શુક્રવારે ટ્વિટ કરીને કેન્દ્ર સરકાર પર પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહન સિંહ પ્રત્યે અનાદરભર્યુ વલણ અપનાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે લખ્યું, `આજે સવારે કોંગ્રેસ અધ્યક્ષે વડાપ્રધાનને પત્ર લખીને પ્રસ્તાવ મૂકયો કે ડો. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર એવા સ્થળે કરવામાં આવે જ્યાં તેમના વારસાના સન્માન માટે એક સ્મારક બનાવવામાં આવે.

# હવે થોડા કલાકોમાં જ ચેક ક્લીયર થઈ નાણાં ખાતામાં જમા થઈ જશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં નાણાં ટ્રાન્સફર અંગે અનેક ઈલોક્ટ્રોનિક મોડ વચ્ચે હવે ચેક ક્લીયરીંગ સિસ્ટમ પણ ઝડપી બનશે અને ઓગસ્ટ મહિનામાં થયેલા નિર્ણય મુજબ આગામી વર્ષથી ફક્ત બે કલાકમાં ચેક ક્લીયર થઈ જાય તે નિશ્ચિત કરવામાં આવશે. રીઝર્વ દ્વારા આ અંગે તમામ બેંકો અને તેના ક્લીયરીંગ હાઉસને ટેકનોલોજીથી સજજ થવા જે આદેશ આપ્યો હતો તેમાં બેંકો હવે આખરી ઘડીની તૈયારી કરી રહી છે અને થોડા દિવસ તેમાં પ્રેક્ટીસ બાદ કાયમ માટે તે સીસ્ટમ અમલી બનાવી દેવાશે. હાલ નિયમ મુજબ જમા કરાયેલા ચેક જે તે દિવસ દરમ્યાન અલગ અલગ ટાઈમ સ્લોટ મુજબ ગ્રુપ કે બ્રાન્ચોમાં એક સાથે પ્રોસેસ કરવામાં આવે છે તો પણ ચેક ક્લીયર થવામાં બે કે ત્રણ દિવસનો સમય લાગે છે પરિણામે ગ્રાહકને રાહ જોવી પડે છે.

ઉપરાંત નાણાંના સેટલમેન્ટમાં પણ સમય લાગતો હોવાથી ગ્રાહકને તેની અસર પડે છે. હવે ચેક ક્લીયરીંગને એક નવી સીસ્ટમ હેઠળ આવરી લેવામાં આવે છે. રીઝર્વ બેન્કના પૂર્વ ગવર્નર શક્તિકાંતા દાસે તેમાં સુધારો કરવા જે પહેલ કરી હતી તે હવે અમલી બની રહી છે અને નવા ફેરફારથી બેન્ક દ્વારા જે તે દિવસે ચેક ક્લીયર થઈ જાય અને બે કલાકમાં જ રીઝલ્ટ મળે તે જોવામાં



આવશે. આ માટે ચેકની ઈલેક્ટ્રોનિક ઈમેજ તૈયાર કરવાની પ્રક્રિયા છે. તેનો વધુ એક સુધારો કરીને તે પણ આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સની પણ મદદ લેવામાં આવી છે જે બેન્કોના કોડ મુજબ તેની બ્રાન્ચ અને એકાઉન્ટમાં સેકન્ડોમાં વર્ગીકરણ કરી દેશે અને જે તે બેન્ક અને બ્રાન્ચના કોમ્પ્યુટરમાં તે ક્લીયરીંગ માટે આગળ વધશે.


# મહાકુંભમાં આવનાર ભાવિકોને પાણીની અંદર સુરક્ષા મળે તે માટે અન્ડર વોટર ડ્રોનનો ઉપયોગ

**મુખ્ય સમાચાર,અયોધ્યા**

પ્રયાગરાજમાં મહાકુંભમેળાના સ્થળે આવનારા આશરે ૪૫ કરોડ ભાવિકોની સુરક્ષા અને સુવિધા માટે ઉત્તર પ્રદેશની યોગી આદીત્યનાથ સરકારે તમામ તૈયારીઓ પુરી કરી લીધી છે.

ભાવિકો માટે પાણીની અંદર સુરક્ષા માટે યોગી સરકારે અન્ડરવોટર ડ્રોનની વ્યવસ્થા કરી છે. આ ડ્રોન ૨૪ કલાક પાણીની નીચેની ગતિવિધિ પર નજર રાખશે. અંધારામાં પણ એ આસાનીથી નજર રાખી શકશે.

આમ સંગમસ્થળે કોઈ પણ ડૂબી રહેલી વ્યક્તિને બચાવી શકાશે. આ ડ્રોન ૧૦૦ મીટર ઉંડા પાણીમાં પણ કામ કરવામાં સક્ષમ રહેશે. આ ડ્રોન અસીમિત અંતર સુધી કામ કરી શકશે.



ઈમર્જન્સીમાં તરત કાર્યવાહી માટે આ ડ્રોન ઈન્ટીગ્રેટેડ કન્ટ્રોલ કમાન્ડ સેન્ટરને જાણકારી અને એલર્ટ મોકલશે.

મહાકુંભમાં આવનારા ભાવિકો માટે સ્ટેટ ડિઝેસ્ટર રિસ્પોન્સ ફોર્સ, નેશનલ ડિઝેસ્ટર રિસ્પોન્સ ફોર્મ સહિત પોલીસોની ટીમો ખડેપગે હાજર રહેશે. ૭૦૦ જેટલી બોટ પર સુરક્ષાકર્મીઓ ૨૪ કલાક તહેનાત રહેશે. રિમોટ ઓપરેટેડ લાઈફબોયની પણ વ્યવસ્થા કરવામાં આવી છે જે તાકીદની પરીસ્થિતિમાં સહાયતા પહોંચાડી શકશે.

# પર્સનલ લોન હેઠળ આવતા હાઉસીંગ, ક્રેડીટ કાર્ડ, તથા શિક્ષણ ધિરાણમાં ૨૩ ટકાનો વધારો

## ઓટો, ગોલ્ડ, કન્ઝયુમર ડયુરેબલ, કૃષિ ઉદ્યોગ સહિત તમામે તમામ ક્ષેત્રોમાં ધિરાણ વધ્યા


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં છેલ્લા બે વર્ષથી ઉંચા વ્યાજદર સ્થિત રહ્યા છતાં પર્સનલ લોન હેઠળ આવતા હાઉસીંગ, ક્રેડીટ કાર્ડ, તથા શિક્ષણ ધિરાણમાં ૨૩ ટકાનો વધારો થયો છે.રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાનાં આંકડાકીય રીપોર્ટ પ્રમાણે હોમલોન વૃધ્ધિદર સૌથી વધુ ૩૬ ટકા હતો અને માર્ચ ૨૦૨૪ ની સ્થિતિમાં હોમલોનની કુલ રકમ ૨૭,૧૮,૭૧૫ કરોડ હતી જો માર્ચ ૨૦૨૩ માં ૧૯,૯૧,૧૬૪ કરોડ હતી. કુલ પર્સનલ લોન ૨૦ ટકાના વધારા સાથે ૫૩.૩૧ લાખ કરોડના સ્તરે પહોંચી છે.

મોંઘવારી સામે બે છેડા ભેગા કરવા અથવા મકાન-શિક્ષણ ખર્ચની જરૂરીયાત પુરી કરવા લોનનો આશરો લેવાનું ચલણ વધી રહ્યું છે. રીઝર્વ બેન્કનાં રીપોર્ટ પ્રમાણે ક્રેડીટ કાર્ડની બાકી વસુલાત ૨૫.૬ ટકા વધીને ૨.૫૭ લાખ ક્રોડ તથા શૈક્ષણીક લોન ૨૩.૭ ટકા વધીને ૧.૧૯ લાખ કરોડ થઈ છે. કન્ઝયુમર કયુરેબલની ખરીદી પેટેની લોનમાં ૧૩.૪ ટકા, બેંક એફડી સામેની લોનમાં ૨.૨ ટકા, ઓટોલોનમાં ૧૭.૪ ટકા તથા ગોલ્ડ લોનમાં ૧૪.૮ ટકાનો વધારો થયો છે.

રીપોર્ટમાં સુચવાયા પ્રમાણે કુલ, ધિરાણમાં પર્સનલ લોનનો હિસ્સો ૨૦૨૩-૨૪ માં ૨૭ ટકાએ પહોંચ્યો હતો જે આગલા વર્ષે ૨૦ ટકા હતો. કૃષિધિરાણ પણ ૧૫.૪ ટકા વધ્યુ હતું. ઔદ્યોગીક ધિરાણનો હિસ્સો વધીને ૮.૫ ટકા થયો હતો.નાના અને સુક્ષ્મ ઉદ્યોગોને લોનનો હિસ્સો ૧૩.૧ ટકાથી વધીને ૧૪.૭ ટકા, મધ્યમ ઉદ્યોગનો હિસ્સો ૧૨.૩ ટકાથી વધીને ૧૩.૩ ટકા તથા મોટી કંપનીઓએ લોનનો હિસ્સો ૩.૫ ટકાથી વધીને ૬.૪ ટકાના સ્તરે પહોંચી ગયો હતો. સર્વીસ ક્ષેત્રમાં લોનનો હિસ્સો કુલ ધિરાણનાં ૨૪.૧ ટકાએ પહોંચ્યો હતો જે માર્ચ ૨૦૨૩ માં ૧૯.૫ ટકા થયો હતો.

રીપોર્ટમાં એમ પણ કહેવાયું છે કે કુલ ધિરાણમાં શિડયુલ કોમર્સીયલ બેંકોમાંથી મોટી લોન લેનારાની સંખ્યા ૪૬.૫ ટકાથી વધીને ૪૩.૯ ટકા રહી ગઈ છે. રિઝર્વ બેન્કના આંકડાકીય રિપોર્ટ પરથી એવુ સુચવાઈ રહ્યું છે કે



લોકો જીવન જરૂરિયાત પુરી કરવા માટે વધુને વધુ સંખ્યામાં લોનનો સહારો લેવા માંડયા છે.

લોકોની આવક વધવા સાથે જીવન ધોરણ ઉંચુ થઈ રહ્યાનું સ્પષ્ટ છે. સાથોસાથ આવકમાં પણ વધારો થઈ રહ્યો છે પરંતુ મોંઘવારી અને બદલાતા યુગમાં લાઈફસ્ટાઈલ બદલાવાને કારણે આર્થિક જરૂરિયાત પણ વધી રહી છે અને જેના કારણે બેન્કો નાણાં સંસ્થાઓમાંથી ધિરાણ મેળવવાનું પ્રમાણ વધી રહ્યું છે.

# હવે ગામડામાં રહેવું પણ મોંઘુ! ખાદ્ય ખર્ચ વધવા લાગ્યો

## શહેરી અને ગ્રામીણ ક્ષેત્રમાં ખાદ્ય ખર્ચનો ગેપ એક દશકામાં ૧૪% ઘટયો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ગ્રામીણ ક્ષેત્ર અને શહેરી વિસ્તારો વચ્ચે આવકની સુવિધા અંગે સતત તુલના થતી રહે છે પણ હવે વિકસીત ભારત ભણી આગળ વધવાની સાથે ગ્રામીણ ક્ષેત્રો પણ અનેક રીતે આવક અને સુવિધામાં તાલ મિલાવી રહ્યા છે. તેઓએ હાલમાં જ કરવામાં આવેલા એક સર્વેમાં ગ્રામીણ અને શહેરી ક્ષેત્ર વચ્ચે ખર્ચની અસમતુલા જે લાંબા સમયથી ચાલી રહી છે.

તેમાં બન્ને વચ્ચેનો ગેપ (તફાવત) ઘરી રહ્યો હોવાના નસારાથ સંકેત છે. ૨૦૨૩-૨૪ના આંકડા કહે છે કે હવે ગ્રામીણ અને શહેરી ક્ષેત્રમાં ખાસ કરીને ખાદ્ય ખર્ચનો તફાવત ૨૦૧૧-૧૨માં જે ૮૪% હતો તે ૨૦૨૩/૨૪માં ૭૦% થયો છે. કેન્દ્રના સ્ટેટેસ્ટીક અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલય આ દ્વારા આ સર્વે કરવામાં આવ્યો હતો.

જો કે અર્થશાસ્ત્રીઓ કહે છે કે આ ગેપ જે ઘટયો છે તે ખાદ્ય ચીજોના જે ભાવ મળ્યા છે. તેની અસર પણ ગણી શકાય તેમ છે. જો આંકડા પર જઈએ તો ગ્રામીણ ક્ષેત્રમાં ફુડ-બાસ્કેટ (ખાદ્ય ચીજોનો વપરાશ) ૨૦૨૨/૨૩માં ૪૬.૩૮% હતો જે ૨૦૨૩/૨૪માં વધીને ૪૭.૦૪% થયો છે. જયારે શહેરી ક્ષેત્રમાં આ ખર્ચ જે ૩૯.૧૭% હતો તે ૩૯.૬૮% થયો છે. હાઉસ હોલ્ડ કન્ઝમ્પશન એકસપેન્ડીચર સર્વેના આંકડા દર્શાવે છે કે ગ્રામીણ અને શહેરી ક્ષેત્ર વચ્ચે માસીક વપરાશ ખર્ચનો તફાવત ૨૦૧૧/૧૨માં ૮૩.૯% હતો તે ૨૦૨૩/૨૪માં ૬૯.૭% થયો છે. આમ ગ્રામીણ ક્ષેત્રમાં પણ હવે લોકોની



ખાદ્ય- જીવન ધોરણ ખર્ચ વધી ગયો છે. આ આંકડા દર્શાવે છે કે બન્ને ક્ષેત્ર વચ્ચેના વ્યક્તિગત ખર્ચમાં પણ વધારો થયો છે. ૨૦૧૧/૧૨માં ગ્રામીણ ક્ષેત્રમાં પ્રતિબંધીત ખર્ચ રૂા.૧૪૩૦ જેવો હતો જે હવે ૨૦૨૩/૨૪માં રૂા.૪૧૨૨ નોંધાયા છે. આમ ગ્રામીણ જીવન પણ મોંઘુ બની ગયુ છે જયારે શહેરી ક્ષેત્રમાં ૨૦૧૧/૧૨માં આ ખર્ચ રૂા.૨૬૩૦ હતો જે ૨૦૨૩/૨૪માં વધીને રૂા.૬૯૯૬ થઈ ગયો છે પણ બન્ને વચ્ચેની ખર્ચની ગતિમાં ગ્રામીણ ક્ષેત્ર લીડ કરી રહ્યું છે. જો કે બન્ને ક્ષેત્રોમાં નોન-ફુડ ખર્ચમાં ગ્રામીણ ક્ષેત્રમાં ૫૨.૯૬% અને શહેરી ક્ષેત્રમાં ૬૦.૩૨% રહ્યો છે. આ ખર્ચને તબીબી ખર્ચ, કપડા, રોજીંદા વપરાશની ચીજો વિ.નો સમાવેશ થાય છે.


# ભોજન થાળી આ વર્ષે બે ગણી મોંઘી થઈ

## ખાદ્યતેલ – લોટ – ઘી – મસાલા – ડ્રાયફુટ – ચોખા સહિતના ભાવમાં ૧૫થી૪૦%નો વધારો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશ હવે ૨૦૨૪ને બાય બાય કરી રહ્યુ છે તો તે સમયે પુરા વર્ષમાં મોંઘવારીએ જે રીતે લોકોના જીવન ધોરણ પર અસર કરી છે તો અત્યાર સુધીના એક સૌથી મોંઘા વર્ષમાં ૨૦૨૪૨ સ્થાન મળશે. ખાસ કરીને લોકોને સીધી અસર કરે છે તે ભોજન થાળી આ વર્ષે બે ગણી મોંઘી થઈ ગઈ છે.

આ એક વર્ષે લોટ, ખાદ્યતેલ, મસાલા, સુકામેવાની કિંમત દોઢથી બે ગણી વધી ગઈ છે અને સામાન્ય રીતે ચોમાસા બાદ શાકભાજીના ભાવમાં ઘટાડો થાય છે પણ આ વર્ષે તેમાં પણ મોટી રાહત મળી નથી. આ વર્ષે ડિસેમ્બરમાં વટાણા પણ રૂા.૫૦-૬૦ રૂપિયાના ભાવે મળે છે અને દૂર દરાજના ગામમાં તો આ ભાવ



રૂા.૮૦થી૧૦૦ પણ વસુલાય છે.

આ વ્યવસાય સાથે જોડાયેલા લોકો કહે છે કે આ વર્ષે વટાણાની આવક પણ ઓછી છે. આ ઉપરાંત લસણ જેનો હવે મેડીકલ યુઝ પણ વધ્યો છે તેના ભાવ સરેરાશ રૂા.૨૦૦-૨૪૦ પ્રતિ કિલો રહે છે તે રૂા.૪૦૦થી૪૫૦માં વેચાઈ રહ્યું છે. તેજાના-મસાલા-જામફળ-એલચી પણ ખૂબ મોંઘી થઈ છે.

ગત વર્ષે જથ્થાબંધ બજારમાં તેનો ભાવ રૂા.૧૮૦૦ આસપાસ રહેતો હતો તે આજે રૂા.૨૪૦૦ કે તેથી વધુ છે અને નાની એલચી તો રૂા.૩૬૦૦ સુધી પહોંચી ગઈ છે. તેમાં જેને કિરાણા કે કરિયાણાની ચીજો ગણો છો તેમાં છેલ્લા મહિનાની સરખામણીમાં રીફાઈન્ડ ચોખાની કિંમત ઘટી હોય પુરા વર્ષની સરખામણીએ તેમાં મોટો વધારો થયો છે.

જેમ હવે માર્ચ પછી તેમાં ઘટાડો થઈ શકે છે. સરસવ તેલ જે ઉતર ભારતમાં વ્યાપક રીતે ઉપયોગમાં લેવાય છે તેના ભાવ રૂા.૧૩૦ પ્રતિ લીટર મળે છે જે રૂા.૧૪૩ સુધી પણ મોંઘુ છે. બનાવટી ઘીના ભાવમાં રૂા.૧૪૮ થયા છે. જેમાં ખાદ્ય ચીજો જ નહી લોકોની રોટી પછી મકાન એ એક પાયાની આવશ્યકતા ગણાય છે તેમાં બાંધકામ ખર્ચ પણ વધ્યા છે. કોલીમર્સ ઈન્ડીયાના સર્વે મુજબ શહેરોમાં બાંધકામ ખર્ચ ગત વર્ષની સરખામણીમાં ૩૯% વધીને પ્રતિ ચોરસ ફુટ રૂા.૨૭૮૦ થયા છે. નિર્માણ સામગ્રી અને શ્રમ બન્ને મોંઘા બન્યા છે.

# સુરતમાં પત્ની-પુત્રની હત્યા કર્યા પછી માતા-પિતાને છરી હુલાવી પોતે આપઘાતનો કર્યો પ્રયાસ


## સરથાણા વિસ્તારની ઘટનાઃ ત્રણેયની હાલત ગંભીરઃ પારિવારિક મનદુઃખને લીધે ભૂત સવાર થયા બાદ છરી લઈને પરિવાર ઉપર તૂટી પડ્યો

**મુખ્ય સમાચાર,સુરત**

સુરતનાં સરથાણા વિસ્તારમાં આજે સવારે બનેલી એક હૃદયદ્રાવક ઘટનામાં એક યુવાને તેની પત્ની અને પુત્રની છરીના ઘા ઝીંકીને હત્યા કરી નાખી હતી અને માતા-પિતાને ગંભીર ઈજા પહોંચાડી હતી. આખા પરિવાર ઉપર ઘાતક હુમલો કર્યા બાદ પોત્તે પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. હાલમાં આ યુવાન ઉપરાંત તેના માતા-પિતાને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પરિવાના આંતરિક ઝગડા બાદ આ યુવાનના માથા ઉપર કાળ સવાર થયો હતો અને છરી લઈને બધ ઉપર તૂટી પડયો હતો. બેવડી હત્યાના આ બનાવ બાદ સુરતમાં સનસનાટી મચી ગઈ છે. આ પરિવાર મૂળ અમરેલીના સાવરકુંડલાનો હોવાનું જાણવા મળ્યુ છે.

સરથાણા પોલીસે આપેલી માહિતી અનુસાર, મૂળ સાવરકુંડલાના વતની અને સુરતમાં સરથાણા તક્ષશિલા નજીક સૂર્યા એપાર્ટમેન્ટમાં રહેતા અને ઓનલાઈન બીઝનેસ સાથે સંકળાયેલા સ્મિત લાભુભાઈ ગોયાણીએ આજે સવારે અલગ રૂમમાં સુતેલી પત્ની અને પુત્ર તેમજ માતા-પિતા ઉપર ઘરના રસોડામાં વપરાતા ચપ્પુ વડે હુમલો કરી બાદમાં પહું એકલો થઈ ગયો મારુ કોઈ નથીથ તેમ કહી પોતાના ગળા ઉપર અને હાથ ઉપર પણ ચપ્પુ ફેરવ્યૂં હતુ. બનાવની જાણ થતા એકત્ર થયેલા લોકોએ તમામને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડયા હતા. જેમાં ડોકટરોએ સ્મિતની પત્ની અને પુત્રને મૃત જાહેર કર્યા હતા. જયારે સ્મિત અને તેના માતા-પિતાની હાલત ગંભીર બતાવાઈ છે.

પોલીસે જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં સ્મિતના મોટા પિતાના મોટા ભાઈનું થોડા દિવસ પહેલા મૃત્યુ થયું હતું. બાદમાં સમાજના રિવાજ મુજબ પરિવારના સભ્યો તેમના પરિવારને આશ્વાસન આપવા બડે પપ્પા પાસે જતા હતા. તે સમયે સ્મિતના પરિવાર અને બડે પાપાના પરિવાર વચ્ચે કોઈ મુદ્દે બોલાચાલી થઈ હતી.



બડે પાપાના પરિવારના સભ્યોએ સ્મિતના પરિવારને તેમના ઘરે આવવા દેવાની ના પાડી અને આજથી અમારા ઘરે ન આવવા જણાવ્યું હતું. આ બંને પરિવાર વચ્ચે વતનની જમીન અને મકાન બાબતે ઝગડો ચાલતો હતો તેવું પણ જાણવા મળ્યું છે. આનાથી સ્મિત ગુસ્સે થયો હતો અને બોલવા લાગ્યો હતો કે હવે આ દુનિયામાં તેનું કોઈ નથી અને ગુસ્સામાં તેણે આ ગુનો કર્યો છે.

# ગુજરાતથી હરિદ્વાર ફરવા ગયેલા પરિવાર સાથે કરુણ ઘટના બની

## ■ ભાઈ-બહેનના નિધનથી પરિવાર પર દુખનો પહાડ તૂટ્યો

**મુખ્ય સમાચાર,હરિદ્વાર**

ઉત્તરાખંડના હરિદ્વારમાં એક દયદ્રાવક ઘટના બની હતી. ગુજરાતના એક પરિવારના બે સગીર બાળકોના ગંગા નદીમાં ડૂબી જવાથી મોત થયા છે. પોલીસે જણાવ્યું કે આ અકસ્માત ઉત્તર હરિદ્વારના સપ્તર્ષિ વિસ્તારમાં સંતમત ઘાટ પર સવારે ૧૦ વાગ્યે થયો હતો. અકસ્માત બાદ પરિવારજનોના આંસુ રોકાઈ રહ્યા નથી. ગુજરાતના તાપી જિલ્લાના બાજીપુરા ગામમાં રહેતા વિપુલ ભાઈ પવારનો પરિવાર ગંગામાં સ્નાન કરી રહ્યો હતો. દરમિયાન તેમની પુત્રી પ્રત્યુષા અને પુત્ર દર્શ અચાનક ગંગાના જોરદાર પ્રવાહમાં વહેવા લાગ્યા હતા. જોરદાર કરંટ અને ઉંડા પાણીના કારણે બંને બાળકો પરિવારના સભ્યોની નજર સામે જ ગંગાના પાણીમાં ગાયબ થઈ ગયા હતા.

ગુજરાતના તાપી જિલ્લાના બાજીપુરા ગામમાં રહેતા વિપુલ ભાઈ પવારનો પરિવાર ગંગામાં સ્નાન કરી રહ્યો હતો. દરમિયાન, પવારની ૧૩ વર્ષની પુત્રી પ્રત્યુષા અને છ વર્ષનો પુત્ર દર્શ અચાનક ગંગાના જોરદાર પ્રવાહમાં વહેવા લાગ્યો. ઘાટ પર હાજર પરિવારના સભ્યો અને અન્ય ભકતો બાળકોને બચાવવા માટે દોડી આવ્યા હતા. પરંતુ ગંગાના પાણીના જોરદાર કરંટ અને ઉંડા પાણીના કારણે બંને બાળકો પાણીમાં ગરકાવ થયા હતા. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને જઈ પોલીસ અને ડાઈવર્સની મદદથી બાળકોને શોધવાનું શરૂ કર્યું હતું. થોડા સમય બાદ બંનેને બેભાન અવસ્થામાં ઠોકર નંબર ૧૩ પાસે પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે બંનેને તાત્કાલિક હરિદ્વાર જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા જ્યાં ડોકટરોએ બંનેને મૃત જાહેર કર્યા. બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સુરક્ષિત રાખવામાં આવ્યા છે. ઘટના બાદ પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડયો હતો.

# ૩૧stની ઉજવણીને લઈને મોરબી પોલીસની કડક કાર્યવાહીઃ હોટેલ, ગેસ્ટ હાઉસ અને વાહન ચેકિંગ વધાર્યું





મોરબી પોલીસે નવા વર્ષની ઉજવણીને લઈને શહેરમાં અનૈતિક પ્રવૃત્તિઓ અને દારૂના નશામાં થતા અકસ્માતો અટકાવવા માટે મોરબી પોલીસે વિશેષ બંદોબસ્ત ગોઠવી સમગ્ર શહેરમાં ચેકિંગ ઝુંબેશ હાથ ધર્યું છે. મોરબી શહેર વિસ્તારમાં હોટેલ અને ગેસ્ટ હાઉસમાં તપાસ હાથ ધરવામાં આવી છે. આ તપાસ દરમિયાન ગેસ્ટ રજીસ્ટર, હોટલમાં રોકાયેલા ગ્રાહકોના ઓળખપત્રો, તથા હોટેલમાં લાગેલા ઈઈઝટ કેમેરા ચાલુ છે કે નહીં તે સહિતની તમામ પ્રવૃતિઓની તપાસ કરી ખરાઈ કરવામાં આવી છે. આ સાથે ચેતવણી આપવામાં આવી છે કે જો કોઈ હોટેલ કે ગેસ્ટ હાઉસ દ્વારા નિયમોનો ભંગ કરાયો હોવાની શંકા ઉઠશે તો તેમને દંડ ફટકારવામાં આવશે અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત શહેરના વિવિધ માર્ગો અને ચેક પોસ્ટ પોઈન્ટ પર વાહન ચેકિંગ હાથ ધરાયું છે. વાહન ચાલકો નશામાં વાહન ચલાવતા હોય છે કે નહીં તે તપાસ માટે બ્રેથ-એનલાઈઝરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ડ્રાઈવિંગ દરમિયાન કોઈ અકસ્માત ન થાય તે માટે ચોકસાઈથી તપાસ કરવામાં આવી રહી છે. આ સાથે મોરબી પોલીસ દ્વારા જાહેર જનતાને સંદેશ આપવામાં આવ્યો છે કે ૩૧તર્નિ ઉજવણી પર નજર રાખતી પોલીસ ટીમો રાત્રીના સમયગાળા દરમિયાન પણ પોતાની કામગીરી ચાલુ રાખશે અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિઓ સામે કડક પગલાં લેશે જે માટે લોકો નિયમોનું પાલન કરે અને કોઈપણ પ્રકારના અનૈતિક પ્રવૃત્તિઓમાં સામેલ ન થાય જેથી નવા વર્ષની ઉજવણી સુરક્ષિત અને શાંતિપૂર્ણ રીતે ઉજવાય.

# વાંકાનેરના ધમલપરમાં લાશના કટકાઓ મળવાના ચકચારી કેસમાં વધુ એક આરોપી પકડાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેરના ધમલપર ગામે લાશના કટકાઓ મળવા અંગેના પ્રેમ પ્રકરણ સાથે જોડાયેલા હત્યાના કેસમાં વધુ એક આરોપી જીગર ભનુભાઈ ગોહિલની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ દ્વારા આરોપીની પુછપરછ બાદ લાશના કટકા દાટી દેવાયા હતા તે સ્થળ ઉપર આરોપીને લઈ જઈ ઘટનાનું રીકન્સ્ટ્રકશન કરાવવામાં આવ્યું હતું.

વાંકાનેર સીટી પોલીસ મથકમાં તા.૧૫ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ હત્યાનો ગુનો નોંધાયો હતો, જેમાં નગમાબેન કાદરભાઈ મુકાસમ રહે.રાજકોટ વાળાને સુરેદ્રનગર જીલ્લાના વઢવાણ ગામે આરોપી તાંત્રિક નવલસિંહ ચાવડાના રહેણાક મકાને સોડીયમ પાવડર પીવડાવી મોત નિપજાવી તેની લાશના અલગ અલગ કટકા કરી પાસ્ટિકના બાચકામા ભરી વાકાનેર ધમલપર ગામે ખાડો ખોદી દાટી દઈ પુરાવાનો નાશ કરી ગુનો કરતા આરોપીઓ (૧) મૃતક નવલસિંહ કનુભાઈ ચવડા રહે.હાલ વેજલપુર અમદાવાદ (૨) સોનલબેન વો/ઓ નવલસિંહ ચાવડા રહે.હાલ વેજલપુર અમદાવાદ (૩) જીગર ભનુભાઈ ગોહીલ રહે.અમદાવાદ (૪) શક્તિ ભરતભાઈ ચવડા રહે.ધમલપર-૦૨ તા.વાંકાનેર વાળા વિરૂધ્ધ ગુનો રજીસ્ટર કરવામા આવેલ હતો.

આ ચકચારી હત્યા કેસનો મુખ્ય આરોપી નવલસિંહ કનુભાઈ ચાવડા રહે.હાલ વેજલપુર અમદાવાદ વાળાને સરખેજ પોલીસ મથકમાં તાંત્રિક વિધિના નામે તથા પ્રેમ પ્રકરણમાં ૧૨ જેટલી હત્યાના ગુણ સબબ અટક કરી હોય જ્યાં ભુવા નવલસિંહનું કસ્ટડી દરમ્યાન હાર્ટ એટેકમાં મૃત્યુ નીપજ્યું હતું. જે બાદ આરોપીઓઃ-(૧) સોનલબેન નવલસિંહ ચાવડા રહે.હાલ વેજલપુર અમદાવાદ વાળાને તેમજ આરોપી શકિત ભરતભાઈ ચવડા રહે.ધમલપર-૦૨ તા.વાંકાનેર વાળાને ૧૬ /૧૨ ના રોજ અટક કરી મોરબી સબ જેલ હવાલે કરવામા આવેલ હતા. હાલ તાજેતરમાં આ ચકચારી હત્યા કેસમાં આરોપી જીગર ભનુભાઈ ગોહિલ



રહે.અમદાવાદ,કૃષ્ણકુંજ સોસાયટી વાળાને પડધરી પોલીસ મથક ખાતે હત્યાના ગુનામા અટક કરવામા આવેલ હોય અને પોલીસ રીમાન્ડ પુર્ણ થતા રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે સોંપ્યા બાદ આરોપીનો વાંકાનેર પડધરી કોર્ટમાથી ટ્રાન્સફર વોરંટ આધારે તા.૨૪ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતેથી કબ્જો સંભાળી વાંકાનેર કોર્ટમાથી આરોપીના દિન-૦૩ ના પોલીસ રીમાન્ડ મેળવી આરોપીની પુછપરછ કરવામાં આવી હતી. આરોપી જીગર દ્વારા પોલીસ સમક્ષ કબુલાત આપી હતી કે મરણ જનાર આરોપી નવલસિંહ ચાવડા સાથે આ નગમાબેનને પ્રેમસબંધ હોય અને લગ્ન કરવા માટે દબાણ કરતી હોય અને લગ્ન ન કરે તો બદનામ કરવાની ધમકી આપતી હોય જેથી ભુવા નવલસિંહે, નગમાબેનને વઢવાણ મુકામે આરોપી નવલસિંહના ઘરે બોલાવી સોડીયમ પાવડર વાળુ પાણી પીવડાવી બેભાન કરી મોત નિપજાવી ઉપરના માળે આવેલ રૂમના બાથરૂમમા છરી,કુહાડી,કટ્ટર મશીન જેવા હથીયારથી નગમાબેનની લાશના કટકા કરી અલગ અલગ પલાસ્ટિકની કોથળીઓમા ભરી નવલસિંહની સ્વીફટ ગાડીમા મુકી વાંકાનેર ધમલપર મુકામે આવી આરોપી શક્તિરાજ ચાવડાને અગાઉથી ખાડો ખોદી રખાવી તેમા નગમાબેનની લાશના કટકા ભરેલ પ્લા.ની કોથળીઓ નાખી તેની ઉપર મીઠુ નાખી ધુળ માટી નાખી દાટી દિધેલ હોવાની કબુલાત આપેલ છે અને આરોપીને સાથે રાખી સુરેનૂદ્રાનગર જિલ્લાના વઢવાણ તેમજ વાંકાનેર ધમલપર મુકામે રીકંટ્રકશન કરાવી આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા કબ્જે લેવામા આવેલ છે.

# નવયુગ વિદ્યાલય મોરબી ખાતે તુલસી દિવસની ઉજવણી કરાઈ



નવયુગ વિદ્યાલય મોરબી ખાતે તુલસી દિવસ ની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી સંપૂર્ણ વૈદિક પદ્ધતિ થી સંસ્થા ના પ્રમુખશ્રી કાંજીયા સાહેબ દ્વારા તુલસી પૂજન કરવામાં આવ્યુ હતું તેમજ ૧૦૮ તુલસી ના રોપા નું વિતરણ કરવામાં આવ્યુ હતું તેમજ તુલસી નું મહત્વ સમજવામાં આવ્યુ હતું તેમજ તુલસી દિવસ વિશેસ વિદ્યાર્થીઓ દ્વારા અદભુત સ્પીચ આપવામાં આવી હતી તેમજ તુલસી નૃત્ય કરવામાં આવ્યુ હતું સામુહિક ગીતા ના શ્લોક નું પઠન અને રંગપૂરણી નું સરસ આયોજન કરી સાચા અર્થમાં તુલસી દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી આ કાર્યક્રમ માં સંસ્થા ના પ્રમુખશ્રી પી. ડી. કાંજીયા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા અને મેનેજીંગ ડિરેક્ટર નીલશભાઈ અઘરા, પ્રિન્સિપાલ શ્રી સંતોકી સર તેમજ સ્ટાફગણ એ ખુબ સરસ જહેમત ઉઠાવી હતી

# લીંબડી પાસે આઈસર અને ડમ્પર અથડાતા ચાલકનું ઘટના સ્થળે મોત

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેનૂદ્રનગર જિલ્લામાં છેલ્લા બે દિવસથી ધુમ્મસ કર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે અને વાહન ચાલકોને પણ ધુમ્મસના કારણે વાહન ચલાવવામાં મોટી મુસીબત ઊભી થઈ છે ત્યારે હાઈવે ઉપર ધુમ્મસના વાતાવરણના કારણે અકસ્માતોની -ઘટનાઓ પણ સામે આવી રહી છે ત્યારે સુરેનૂદ્રનગર જિલ્લાના લીબડી અમદાવાદ રાજકોટ હાઈવે ઉપર દેવપરા ગામના પાટીયા પાસે ડમ્પર પાછળ આઈસર ઘૂસી જવાની ઘટના બની હતી જેમાં આઈસરના ચાલકનું ઘટના સ્થળ ઉપર કમ કમાટી ભર્યુ મોત નીપજ્યું હતું.

આઈસરનો ચાલક મુંબઈથી આઈસરમાં મચ્છી ભરીને વેરાવળ બાજુ જઈ રહ્યા હોવાનું સામે



આવ્યું છે ત્યારે મુંબઈથી મચ્છી ભરી અને નીકળેલા આઈસરના ચાલક એજાજભાઈ નગરીનું ઘટના સ્થળ ઉપર મોત નીપજ્યું છે ત્યારે અકસ્માત સર્જાતા મુંબઈ ખાતે રહેતા તેના પરિવારજનોને પણ આ અંગેની જાણકારી પોલીસ તંત્ર દ્વારા આપવામાં આવી હોવાનું પણ જાણવા મળે છે.ત્યારે તેને પીએમ માટે લીબડી સાર્વજનિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે જાણવા મળતી વિગતો અનુસાર લીંબડી અમદાવાદ હાઈવે પર દેવપરાના પાટિયા પાસે ડમ્પર પાછળ આઈસર ઘૂસતાં આઈસર ચાલકનું મોત નિપજ્યુ હતું. મુંબઈથી આઈસરમાં મચ્છી ભરીને એઝાઝભાઈ નગરી, કિલનર હુસૈનભાઈ ગામેતી વેરાવળ જઈ રહ્યા હતા.

આઈસર અમદાવાદ-લીંબડી હાઈવે ઉપર દેવપરા ગામના પાટિયા પાસે આગળ જતાં ડમ્પર ચાલકે અચાનક બ્રેક મારતા આઈસર ડમ્પર પાછળના ભાગે ઘૂસી ગયું હતું. અકસ્માતમાં ૨૫ વર્ષીય આઈસર ચાલક એઝાઝ નગરીનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. પોલીસે આ અંગેની ફરિયાદ નોંધણી અને આગળની કાર્યવાહી અને તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં માર મારી ગંભીર ઈજા પહોંચાડવાના ગુનાના આરોપીને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કરતી મોરબી કોર્ટ



મોરબીમાં વર્ષ ૨૦૦૪ના મારામારી અને ગંભીર ઈજાઓ પહોંચાડવાનો કેસ મોરબીની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલી જતા ફરિયાદ પક્ષ દ્વારા ફરિયાદમાં વિસંગતતા અને કેસના સહ-સગાઓ સાહેદોએ પણ નિવેદનને સમર્થન ન આપતા હોવાની આરોપી પક્ષના વકીલની દલીલોને માન્ય રાખી મોરબી નામદાર કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે. કેસની ટુક વિગતો મુજબ, ગત તા. ૧૯ ડિસેમ્બર ૨૦૦૪ના રોજ મોરબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદી દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે આરોપીએ તેમના ભાઈની વહુ સાથેના છુટાછેડાની બાબતનો ખાર રાખી ફરિયાદીની સામે ધોકા વડે હુમલો કરી પડખામાં ઈજા તેમજ ચાકુ વડે નાક પર ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જે મુજબની ફરિયાદના આધારે મોરબી પોલીસે આઈપીસીની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. ઉપરોક્ત કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષના સાહેદો, પંચો, ડોક્ટર અને તપાસ અધિકારીએ મૌખિક પુરાવા આપ્યા હતા, ત્યારે બચાવ પક્ષના વકીલ સુખદેવ આર. દેલવાણીયાએ દલીલ કરી હતી કે ફરિયાદી પક્ષે વિરુદ્ધ અને વિપરીત હકીકત રજૂ કરી છે. તેમજ સહ-સગાઓ તેમજ સ્વતંત્ર સાહેદોએ પણ ફરિયાદ પક્ષના કેસ કે નિવેદનને સમર્થન આપ્યું નથી. આ આધારે કોર્ટે તમામ પુરાવા અને દલીલોને ધ્યાને લઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી તરફથી મોરબી જીલ્લાના એડવોકેટ સુખદેવ આર. દેલવાણીયા રોકાયેલ હતા.

# જામનગર લાલપુર બાયપાસ ચોકડી પર અકસ્માતઃ બાઈક પર જતા દંપતિને અકસ્માત નડતા પતિની નજર સામે પત્નીનું મોત

જામનગર લાલપુર બાયપાસ ચોકડી પર અકસ્માત બાઈક પર જતા દંપતિને અકસ્માત નડ્યો પતિની નજર સામે પત્નીનું મોત.જામનગરની ભાગોળે લાલપુર બાયપાસ ચોકડી પર આજે અકસ્માતની ઘટના બની હતી. બાઈક પર જતા દંપતિને અકસ્માત નડ્યો હતો. શહેરના શંકરટેકરી વિસ્તારમાં કાંતિભાઈ રાઠોડ અને તેમના પત્ની રંજનબેન બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવતા એક ટેન્કર ચાલકે તેઓની બાઈકને હડફેટમાં લેતા બાઈક ફંગોળાયું હતું.જેથી પાછળ બેઠેલા રંજનબેન (ઉ.વ.૪૩) નીચે પટકાતા તેના માથા પરથી ટેન્કરનું વ્હીલ ફરી વળતા કમકમાટીભર્યુ મોત નિપજયું છે. અકસ્માત સર્જી ટેન્કરચાલક નાસી છૂટયો હતો. આ અંગે પંચકોશી બી. ડિવી.ના પી.આઈ. વી.એ. રાઠોડ અને તેમની ટીમ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# લોધિકાના વિરવા ગામે બે હજાર ચો.મી. જમીન પર ડિમોલેશનઃ આશરે રૂ. બે કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાવાઈ



રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના નિર્દેશ મુજબ જિલ્લામાં ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત લોધિકા તાલુકામાં મામલતદારની રાહબરીમાં ગઈકાલે વિરવા ગામે આશરે બે હજાર ચોરસ મીટર જમીન પર થયેલા ગેરકાયદે દબાણ હટાવીને આશરે રૂપિયા બે કરોડની જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના વિરવા ગામમાં સરકારી ખરાબાની રેવન્યુ સ.નં.૭૧ ની આશરે ૨૦૦૦ ચો.મી. જમીનમાં અનઅધિકૃત દબાણ કરવામાં આવ્યું હતું. આથી જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ તથા ૨૦૨ હેઠળ તમામ દબાણદારોને અગાઉ નોટીસ બજવણી કરવામાં આવી હતી અને સરકારી જમીન પરનો અનઅધિકૃત કબ્જો ખુલ્લો કરી આપવા જણાવવામાં આવ્યું હતું. આ દબાણ આજદિન સુધી દૂર થયા ના હતા. આથી જિલ્લા કલેક્ટરની સુચના તથા પ્રાંત અધિકારીના માર્ગદર્શન મુજબ, લોધીકા મામલતદારએ વિરવા ગામે દબાણ હટાવો કામગીરી શરૂ કરી હતી. જે અંતર્ગત આશરે રૂ. બે કરોડની કિંમતની આશરે ૨૦૦૦ ચો.મી. જેટલી સરકારી જમીન પરનું દબાણ પોલીસ બંદોબસ્ત સાથે રાખી દૂર કરાવ્યું હતું. સમગ્ર કામગીરી શાંતિપૂર્ણ રીતે કરવામાં આવી હતી.

# દરેડમાં એસએમસીના દરોડામાં ૮૯૫ લીટર દેશી દારૂ પકડાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર દરેડમાં સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનીટરીંગ સેલે ૮૯૫ લીટર દારૂ સાથે બે શખ્સને પકડી પાડી પંચ-બી પોલીસની આબરૂના ધજાગરા ઉડાડ્યા છે. પોલીસે ૭.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કરી ત્રણ શખ્સોને ફરાર જાહેર કર્યા છે.જામનગરની ભાગોળે આવેલ દરેડના મસીતીયા રોડ પર પાણીના ટાંકાની નજીક આવેલ ભોપા ચારણને ત્યાં દેશી દારૂની રેલ્મછેલ મામલે બાતમી મળતા સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ ત્રાટકી હતી. આ રેડ દરમિયાન આરોપીના કબજામાંથી ૧,૭૯,૦૦૦ની કિંમતનો ૮૯૫ લિટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

જેને પગલે સ્ટાફના કર્મચારીઓના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. પોલીસે દારૂના જથ્થા સાથે લાલપુર તાલુકાના



પીપળી ગામના રહેવાસી અરદાન ઉર્ફે લાલો દેસળભાઈ ગુજરીયા અને લાલપુર માર્કેટિંગ યાર્ડ નજીક રહેતા દેવસુરભાઈ આલાભાઈ ઘોડા નામના શખ્સને પકડી પાડયો હતો.જેની પૂછપરછ કરતા આ પ્રકરણમાં ત્રણ શખ્સોના નામ ખુલ્યા છે. પોલીસે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ટીમડી ખાતે રહેતા શકુર બાધાભાઈ રબારી, રામદેવ ઉર્ફે ભોપા મટકા અને દારૂનો જથ્થો મોકલનારા આરોપીના નોકરને ફરારી જાહેર કરાયા છે.આ દરમિયાન પોલીસ સ્ટાફ દ્વારા ૫. ૭૦ લાખની રૂપિયાની કિંમતના ત્રણ વાહનો ઉપરાંત ૧૫૦૦૦ રૂપિયાની કિંમતના ત્રણ મોબાઈલ અને ૨,૫૩૦ ની રોકડ સહિત ૭,૬૬,૫૩૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

# જેતપુરના સાડી ઉદ્યોગનું કેમિકલયુક્ત પાણી દરિયામાં નાખવા બાબતે માછીમારો દ્વારા રેલી કાઢી આવેદનપત્ર આપવામાં આવ્યું



જાફરાબાદ શહેરના માછીમારો મોટાભાગના અહીં વસવાટ કરે છે ત્યારે આજરોજ જાફરાબાદ વિસ્તારના માછીમારો દ્વારા નાયબ કલેકટર તેમજ મામલતદાર શ્રી ને આવેદનપત્ર આપી જેતપુરનું કેમિકલ યુક્ત પાણી દરિયામાં ન નાખવા માટે રજૂઆત કરી હતી; જાણવા મળતી વિગત મુજબ જેતપુરમાં આવેલા સાડી ઉદ્યોગનું કેમિકલ યુક્ત પાણી ના નિકાલ માટે પોરબંદરનો દરિયામાં પાઈપલાઈન મારફત આ નિકાલ કરવા માટેની હિલચાલ ચાલી રહ્યું છે ત્યારે તેની અસર દોઢસો કિલોમીટર સુધી થનાર હોય આથી માછીમારી ઉદ્યોગને ખાસ અસર પડે તેમ છે તેના વિરોધમાં આજરોજ માછીમાર સમાજના ભગુભાઈ સોલંકી કનૈયાલાલ સોલંકી સહિતના આગેવાનો દ્વારા રેલી કાઢી અને મામલતદાર શ્રી ને આવેદનપત્ર આપતા જણાવ્યું હતું કે માછીમારી ઉદ્યોગને ટમટમતો રાખવા માટે આ દિશામાં કોઈ જાતની કાર્યવાહી કરવામાં ન આવે અને કલયુક્ત પાણી દરિયામાં નાખવામાં ન આવે તે માટે રજૂઆત કરવામાં આવી હતી.

# રોજગાર કચેરી અને જે. જે. કુંડલીયા કોમર્સ કોલેજ દ્વારા બાલભવન ખાતે મેગા જોબફેર યોજાયો

## ઈમિટેશન જવેલરી, ડેરી ટેકનોલોજી, પેટીએમ, ટાટા ઓટોકોમ્પ, સુઝુકી મોટર્સ, વીમા કંપનીઓ વગેરે ક્ષેત્રોમાં રોજગારી માટે રસ દાખવતા ૪૦૦૦થી વધુ ઉમેદવારો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના બાલભવન ખાતે જિલ્લા રોજગાર કચેરી અને શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો શુભારંભ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો.

ઉમેદવારોને અલગ અલગ જગ્યાએ ઈન્ટરવ્યૂ માટે જવું ના પડે અને સમયનો બચાવ થાય તેવા આશયથી એક જ જગ્યાએ આયોજિત મેગા જોબફેરમાં અલગ અલગ ૫૮ કંપનીઓ એક જ જગ્યા પર એકઠી થઈ હતી. આ જોબફેરમાં સામેલ થઈને રોજગાર મેળવવા માટે રોજગાર વિભાગ દ્વારા ૬ હજારથી વધુ નોંધાયેલા ઉમેદવારોને આમંત્રિત કર્યા હતા. તમામ ઉમેદવારોને આવવા-જવા માટે એસ. ટી.ના કૂપન પણ આપવામાં આવ્યા હતા. જોબફેરમાં ધોરણ ૧૦ પાસ થી લઈને માસ્ટર ડિગ્રી સુધીની લાયકાત ધરાવતા તમામ ઉમેદવારો માટે રોજગારીની તક ઊભી કરવામાં આવી હતી. આજના જોબફેરમાં ઈમિટેશન જવેલરી, ડેરી ટેકનોલોજિ, પેટીએમ, ટાટા ઓટોકોમ્પ, સુઝુકી મોટર્સ, વીમા કંપનીઓ વધુ જોવા મળી હતી.







જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના સ્થાપકશ્રી શ્રી લાભુભાઈ ત્રિવેદીના જન્મ શતાબ્દીના અવસર પર રકતદાન કેમ્પ અને મેગાજોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના ટ્રસ્ટીશ્રી અલ્પનાબેન ત્રિવેદીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી જોબફેરનું આયોજન કરવામાં આવે છે. આજની તક તમામ વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાનું ઋણ ચૂકવવાનો અવસર છે. કોઈપણ જોબ નાની નથી હોતી પોતાની સાર્થકતા સાબિત કરવાનો અનેરો અવસર છે. યુનિવર્સિટીના વિવિધ કોર્ષમાં, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, યૂથ ફેસ્ટિવલ સહિતની વિવિધ સ્પર્ધામાં ઉતિર્ણ થયેલ કોલેજના વિદ્યાર્થીઓને પ્રમાણ પત્ર, શિલ્ડ અને ચેક ઈનામરૂપે આપવામાં આવ્યા હતા. આ તકે રોજગાર કચેરીના મદદનીશ નિયામકશ્રી ચેતનભાઈ દવે, કચેરીના કાઉન્સિલરશ્રી રાજેશભાઈ ચૌહાણ, શ્રી તન્વી ત્રિવેદી, શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના ટ્રસ્ટીશ્રી ધીરુભાઈ ધાબલિયા, પ્રિન્સિપાલશ્રી પ્રીતિ ગણાત્રા, મીનાબેન કુંડલીયા મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી નીલુબેન મુલચંદાણી, કુંડલીયા આર્ટસ અને કોમર્સ કોલેજના પ્રિન્સિપાલશ્રી યજ્ઞેશભાઈ જોશી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

# દર્દીઓ પાસેથી પૈસા વસૂલતી આયુષમાન હોસ્પિટલને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ કરાયો

## દર્દીને પૈસા પરત અપાવીને તાત્કાલિક દંડની રકમ ભરવા માટે આસિ. ડાયરેક્ટરનો આદેશ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના વાવડી વિસ્તારમાં આવેલી આયુષમાન હોસ્પિટલ પીએમજેવાયના દર્દીઓ પાસેથી પણ ૧૦,૦૦૦ રૂપિયા ઉઘરાવતી હોવાની બાતમી મળતા દિવ્ય ભાસ્કરે સ્ટિંગ ઓપરેશન કર્યું હતું. જેમાં દર્દી પાસેથી પૈસા લેવાનું સાબિત થયું હતું તે સમયે હોસ્પિટલને દંડ કરવા માટે નિર્ણય થયો હતો અને કાર્યવાહી કરવા રાજકોટ મહાનગરપાલિકાએ ગાંધીનગર મદદનીશ નિયામકને ભલામણ કરી હતી. જો કે ગાંધીનગરના અધિકારીઓની આળસુ વૃત્તિ કે પછી ભ્રષ્ટાચાર વૃત્તિને કારણે દોઢ વર્ષ સુધી સજા શું કરવી તેનો આદેશ આવ્યો ન હતો. ભાસ્કરે આ મામલે આરોગ્ય કમિશનર સહિતના અધિકારીઓનું ધ્યાન દોરતા આખરે મદદનીશ નિયામકને રેલો આવ્યો હતો અને હવે દંડ કરાયો છે.



મદદનીશ નિયામકે કોઈ કાર્યવાહી ન કરતા આખરે નાયબ નિયામક ડો. યુ.બી. ગાંધીએ આયુષમાન હોસ્પિટલને દર્દી પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા લેવા બદલ ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે અને દર્દીના સ્વજનોને તેમની રકમ પરત આપવા પણ જણાવ્યું છે. દંડની રકમ સાત દિવસમાં જમા કરાવવા માટે આદેશ કરાયો છે. દોઢ દોઢ વર્ષ સુધી હોસ્પિટલ સામે કોઈ કાર્યવાહી ન થાય તે ખુબ ગંભીર બાબત છે. આ મામલે નાયબ નિયામક ડો. યુ.બી. ગાંધીને પ્રશ્ન કરાયો હતો કે, શા માટે અને કયા અધિકારીની બેદરકારીને કારણે કૌભાંડ કરતી હોસ્પિટલ સામે પગલાં લેવાયા નથી. જેને લઈને હાલ તો ડો. ગાંધીએ એવો જવાબ આપ્યો છે કે તે જાણવા માટે તપાસ કરવી પડશે.

# ૧ જાન્યુઆરી થી રાજકોટ ડિવિઝનમાં ટ્રેનોનું નવું ટાઈમ ટેબલ લાગુ થશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૧જાન્યુઆરી ૨૦૨૫ થી નવું ટાઈમ ટેબલ લાગુ કરવામાં આવી રહ્યું છે. આમાં, કેટલીક ટ્રેનોની સ્પીડ વધારવામાં આવી રહી છે, જેના કારણે આ ટ્રેનો તેમના વર્તમાન નિર્ધારિત સમય પહેલા તેમના ગંતવ્ય સ્થાન પર પહોંચી જશે.

આ વખતે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૧૯ ટ્રેનોની સ્પીડ વધારવામાં આવી છે અને ઓપરેશનલ કારણોસર ૬ ટ્રેનોની સ્પીડમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ટ્રેનોની સ્પીડ વધવાના પરિણામે પેસેન્જર ટ્રેનોના ઓપરેટિંગ સમયમાં ઘટાડો થયો છે. મુસાફરોને આનો સંપૂર્ણ લાભ મળશે અને તેઓ તેમના ગંતવ્ય સ્થાન પર પહોંચવામાં સમય બચાવશે. આ સમયગાળા દરમિયાન, રાજકોટ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર ૩૭ ટ્રેનોનો વહેલા કરવામાં આવ્યો છે, જેમાં ટ્રેનો તેમના અગાઉના સમય કરતાં ૫ મિનિટથી લઈને ૩૩ મિનિટ સુધી વહેલા પહોંચશે. તેવી જ રીતે, ૨૨ ટ્રેનોના સમય મોડા કરવામાં આવ્યા છે જેમાં ટ્રેનો તેમના અગાઉના સમય કરતા ૫ મિનિટથી લઈને ૨૦ મિનિટ સુધી મોડી પહોંચશે. ઓખા, દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, ભક્તિનગર, વાંકાનેર, થાન, સુરેન્દ્રનગર અને રાજકોટ ડિવિઝનના અન્ય સ્ટેશનોના સમયમાં ફેરફાર થશે જેમાં આ ટ્રેનો તેમના વર્તમાન નિર્ધારિત સમય પહેલા કે પછી પહોંચશે.

પશ્ચિમ રેલવે મુસાફરોને અપીલ કરે છે કે નવા ટાઈમ ટેબલ મુજબ મુસાફરી કરતી વખતે કૃપા કરીને રેલ ઈન્કવાયરી ૧૩૯ અથવા વેબસાઈટ www.wr.indianrailways.gov.in તપાસો.

# રાજયમાં બે દિવસ માવઠાની આગાહી :કેટલાક વિસ્તારોમાં વીજળી અને કરા પડવાની સંભાવના

## હળવાથી મધ્યમ વરસાદની સાથે ગાજવીજ અને વીજળીના કડાકા ભડાકા થવાની શક્યતા

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાતમાં આ વર્ષે ભારે ઠંડી પડી રહી છે. વાદળછાયા વાતાવરણને કારણે તાપમાનમાં પણ ભારે ઘટાડો નોંધાયો છે.હવામાન વિભાગે રાજ્યમાં ૨ દિવસ સુધી વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.સમગ્ર રાજ્યમાં કમોસમી વરસાદ વરસી શકે છે. આ સાથે કેટલાક વિસ્તારોમાં વીજળી અને કરા પડવાની સંભાવના છે. ઘણા જિલ્લાઓમાં ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે.



ઈંખઉના જણાવ્યા પ્રમાણે, આજે નર્મદા, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લીમાં છૂટાછવાયા સ્થળોએ વીજળી અને કરા સાથે હળવો વરસાદ પડી શકે છે. આ સાથે જ વડોદરા, સુરત, છોટાઉદેપુર અને ભરૂચમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સાથે ગાજવીજ અને વીજળીના કડાકા ભડાકા થવાની સંભાવના છે.

જ્યારે અમદાવાદ, વલસાડ, ડાંગ, મહેસાણા, ગાંધીનગર, મહિસાગર, દાહોદ, નવસારી, તાપી, પાટણ, ખેડા, આણંદ, પંચમહાલ, દમણ, દાદરા અને નગર હવેલીમાં ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, આગામી ૪૮ કલાકમાં લઘુત્તમ તાપમાન ૨-૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે. આગામી દિવસોમાં તાપમાનમાં વધારો થશે અને ઠંડીમાં ઘટાડો થશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર,ગુજરાતમાં અમદાવાદમાં ૧૬.૫, ડીસામાં ૧૩.૮, ગાંધીનગરમાં ૧૬.૦, વડોદરામાં ૧૭.૬, સુરતમાં ૧૮.૪, દમણમાં ૧૯.૪, ભુજમાં ૯.૮, નાલિયામાં ૪.૨, કંડલા ૧૩.૦, ભાવનગરમાં ૧૫.૭, દ્વારકામાં ૧૪.૬, પોરબંદરમાં ૧૧.૪, રાજકોટમાં ૯.૯ અને વેરાવળમાં ૧૫.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું

# ઉતરાયણનો પર્વ નજીક આવતા માંજા પાવાનું કામ પુર જોશમાં





(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ઉતરાયણ તહેવારની આતુરતા પૂર્વક રાહ જોવાય રહી છે મકરસંક્રાતિના પર્વ આડે હવે પંદર દિવસ જેટલો સમય રહ્યો હોય રાજકોટ શહેરની સદર બજાર પતંગ અને દોરાથી છલકાય છે તો બીજી તરફ ઉત્તર પ્રદેશથી આવતા માનજા પાવાના સ્પેશિયાલિસ્ટો દ્વારા શહેરના દરેક વિસ્તારોમાં દોરા પાવાનું કામ જોર શોરમાં ચાલી રહ્યું છે પતંગ રસીયા દ્વારા આ માંજાના નિષ્ણાતો પાસે પોતાની મનગમતી દોરીને પવડાવામાં આવી રહી છે હાલ માનજા ભાવ નો ભાવ બજારમાં તૈયાર મળતી દોરી કરતા સસ્તો હોય વધુમાં વધુ લોકો માંજા થી દોરી પવડાવી રહ્યા છે જેમ જેમ ઉતરાયણનો દિવસ નજીક આવતો જશે તેમ તેમ માંઝા પાવર નો ભાવ પણ વધતો જશે.

# ત્રણ બેકરીમાંથી કેકના નમૂના લેતું ફૂડ વિભાગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા ऋजठ વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ચુનારાવાડ ચોક થી અમુલ સર્કલ- ભાવનગર રોડ તથા પ્રેમ મંદિર સામે હોકર્સ ઝોન- કાલાવડ રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૩૫ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૮ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપી અવેરનેસ ડ્રાઈવ કરવામાં આવેલ. તેમજ ખાધ્યચીજોના કુલ ૧૨ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ છે. જ્યારે ત્રણ બેકરીમાંથી કેકના નમુના લેવામાં આવ્યા છે.

(૦૧)મુરલીધર ડીલક્સ પાન કોલ્ડ્રિંક્સ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૨)હિંગળાજ પાન -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૩)ચામુંડા પાન કોલ્ડ્રિંક્સ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૪)સંતોષ પાન -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૫)રાજ શીંગ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૬)ગાત્રાળ કોલ્ડ્રિંક્સ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૭)શિવમ કોલ્ડ્રિંક્સ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૮)ગાત્રાળ ડીલક્સ પાન -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૯)જયશ્રી ખોડિયાર નાસ્તા સેન્ટર -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૧૦)રાધે શ્યામ લચ્છી -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૧૧)ચામુંડા દાળ પકવાન -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૧૨)દ્વારકાધીશ સેન્ડવીચ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૧૩)ચામુંડા મસાલા મેગી -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૧૪)ચામુંડા મકાઈ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૧૫)જીયા ફાસ્ટફૂડ (૧૬)બોમ્બે બાઈટ્સ -લાઈસન્સને મેળવવા બાબતે સૂચના (૧૮)અગઉ કટક બટક -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ. આ સિવાય તથા ગમારા પાન, શક્તિ ટી સ્ટોલ, અમુલ પાર્લર, બાલાજી છોલે ભટુરે, શક્તિ ફાસ્ટફૂડ, બાલાજી દાળપકવાન, ચામુંડા લચ્છી, ઝેનીશ ખીચું, શિવ છોલે ભટુરે, દિલખુશ છોલે ભટુરે, શિવમ ઢોસા, બાલાજી સાઉથ ઈન્ડિયન, રુચિત ફેન્સી ઢોસા, પ્રયોશા ફાસ્ટફૂડ, ખઉ સેન્ડવિચ, ઘખ ચાઈનીઝ અને હરિકૃષ્ણ દાળપકવાનની ચકાસણી કરવામાં આવેલ. જ્યારે ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ રાજકોટ બેકરી ૧૧ રણછોડનગર સોસાયટી, શાળા નં. ૧૫ સામેથી લુઝ બ્લેક ફોરેસ્ટ કેકના, મારુતિબેકરી, બાલક હનુમાન મંદિર સામે, પેડક રોડમાંથીચોકો આલ્મંડ કેક અને ઈઝ્ઝી બેકરી, રાજકોટ નાગરિક બેન્ક સામે ડિલક્સ ચોક પાસે ભાવનગર રોડમાંથી ચોકલેટ ટ્રાકલ કેકના નમુના લઈ લેબોરટરીમાં મોકલાયા છે.




# રાજકોટની જળ માંગમાં એક વર્ષમાં 3.૨૦ કરોડ લિટરનો તોતિંગ વધારો

## કડકડતી ઠંડીમાં પણ મનપા દૈનિક ૪૨ કરોડ લિ.પાણીનો ઉપાડ કરે છે, પ્રમાણિત જળમાંગ ૨૭ કરોડ લિટર સામે ૩૯ કરોડ લિટરનું વિતરણ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં પાણી વિતરણ હવે દિનપ્રતિદિન પડકારરૂપ બની રહ્યું છે પરંતુ, મનપામાં તે માટે દીર્ઘદ્રષ્ટિપૂર્વકનું આયોજન નથી. ગત ડિસેમ્બરમાં દૈનિક ૩૯ કરોડ લિટર પાણીનો વિવિધ જળસ્ત્રોતમાંથી ઉપાડ કરાતો હતો તે સામે આ ડિસેમ્બર-૨૦૨૪માં દૈનિક ઉપાડ ૪૨.૨૦ કરોડ લિટરે પહોંચી ગયો છે.આશ્ચર્યની વાત એ છે કે હાલ કડકડતી ઠંડીમાં પાણીના ઘરેલું વપરાશમાં ઘટાડો થતો હોય છે પરંતુ આમ છતાં હાલ ઉપાડ કરાતા પાણીને ફીલ્ટર કરીને બેકવોશમાં જતા પાણીને બાદ કરતા ૩૮થી ૩૯ કરોડ લિટર પાણીનું વિતરણ થાય છે. ગંભીર બાબત એ છે કે નળજોડાણોની સંખ્યા મૂજબ અને નળદીઠ પાણી વિતરણના ધોરણ મૂજબ પ્રમાણિત રીતે દૈનિક જળમાંગ ૨૭ કરોડ લિટરની છે પરંતુ, તેના કરતા વિતરણ ૧૨ કરોડ લિટર (૧૨૦ એમએલડી) વધુ થાય છે.

એક સમયે આજી ડેમથી અને બાદમાં આજી-ન્યારી ડેમ છલકાતા એટલે પાણી પ્રશ્ન ઉકેલાઈ જતો પરંતુ, હજુ બે માસ પહેલા લાંબો સમય છલકાયેલો આજી ડેમમાં સૌની યોજનાથી પાણી ઠાલવવું પડયું છે છતાં આજની સ્થિતિએ તેમાં ૬૫ ટકા જળરાશિ છે. માર્ચમાં વધુ એક વાર આજી ડેમમાં પાણી ઠાલવવું પડશે. ન્યારી ડેમની ક્ષમતા ૩૦૦ એમસીએફટી વધારીને ૧૨૦૦ સુધી પહોંચાડાઈ છતાં તેમાં પણ સૌની યોજનાનું પાણી ઠલવાય છે.

આમ હાલની સ્થિતિએ સ્થાનિક સ્ત્રોતમાંથી કૂલ મહત્તમ ૨૯ કરોડ લિટર પાણીનો ઉપાડ થાય છે અને બાકીનું ૧૩ કરોડ લિટર પાણી નર્મદા પાઈપલાઈનથી મળે છે અને તે ઉપરાંત સૌની યોજનાથી પણ પાણી અનિવાર્ય છે અને ત્યારે માંડ માંડ દૈનિક ૨૦ મિનિટ પાણી વિતરણ થાય છે.


મહાપાલિકામાં પાણી વિતરણ ઝોનવાઈઝ કરાય છે, ત્રણ ઝોનલ કચેરીઓમાં હવે પાણી વિતરણના ઝોન વધીને ૨૭ ઉપર પહોંચ્યા છે અને નવા



વિસ્તારોમાં હજુ નવા ઝોન બનતા જળમાંગ ૪૫ કરોડને પાર થઈ જશે.

ગંભીર વાત એ છે કે બેંગ્લોર જેવા શહેરમાં પણ સ્થાનિક જળસ્ત્રોતના અભાવે જળસંકટ સર્જાયું હતું તે ધ્યાને લઈને રાજકોટમાં ભૂગર્ભજળ સંગ્રહ વધારવા સેલ રચવાથી માંડીને યોજના બનાવાઈ હતી પરંતુ, કમિશનરની બદલીઓમાં આ કામગીરી ટલ્લે ચડી ગઈ છે.

# સોમવારે સાંજે રાષ્ટ્રીય શાળાના પ્રાર્થના હોલમાં ડો. મનમોહન સિંહની પ્રાર્થના સભા યોજાશે




**મુખ્ય સમાચાર,રાજકોટ**

આગામી તારીખ ૩૦ને સોમવારના રોજ સાંજે દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ ડો. મનમોહન સિંહની પ્રાર્થના સભા સાંજે પાંચ થી છ કલાક દરમિયાન શેરના રાષ્ટ્રીય શાળા પ્રાર્થના હોલમાં યોજાશે જેમાં રાજકોટ શહેરના તમામ વેપારી મંડળો, ઉદ્યોગપતિઓ, શ્રેષ્ઠીઓ, શહેરની સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, બાર એસોસિએશન, પત્રકાર મિત્રો,એડવોકેટ મિત્રો, તબીબી મિત્રો, તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ કાર્યકર મિત્રો, ચૂંટાયેલા શહેર/જિલ્લાના પ્રતિનિધિઓ દરેક રાજકોટ ના નગરજનો ને પૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહન સિંઘની પુષ્પાંજલિના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવ્યું છે

ડો. સિંઘની ચીર વિદાયથી દેશભરમાં શોકનું મોજુ છવાયું છે અને આજરોજ મનમોહનસિંઘના પાર્થિવ દેહ પંચમહાભુત માં વિલીન થશે ભારત સરકારે સાત દિવસનો શોક જાહેર કર્યો છે તેમજ ગુજરાત સરકારે પણ તમામ કાર્યક્રમો રદ કર્યા છે . ડો. મનમોહનસિંઘ રાજકોટ ના પ્રજાજનો દ્વારા હૃદયથી શ્રદ્ધાંજલિ આપવા સોમવારે પ્રાર્થના સભા રાખેલ છે. આ પ્રાર્થના સભાનું આયોજન રાજકોટના નગરજનો દ્વારા કરાયું છે

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

